આપણું પોતાનું અખબાર

જીવંત માણસ સદા તાજગી અનુભવતો હોય છે - વિનોબાજી

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૪૭ | ૨૭ એપ્રિલ ૨૦૧૨, શુક્રવાર, વૈશાખ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# મતદાર નોંધણી માટે વિશેષ અભિયાન

## જિલ્લામાં ૪૫૧ બૂથમાં મહિલા મતદારોનો જેન્ડર રેશિયો જિલ્લા કરતાં પણ ઓછો : ૨૦૧૧ની વસતી ગણતરીના પરિણામોનો આધાર રાખતાં જિલ્લામાં યુવા મતદારોની નોંધણી ઓછી છે : શ્રી સ્વરૂપ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૧ની વસ્તીના પ્રાથમિક પરિણામોની તુલનામાં યુવા મતદારો ઓછા નોંધાયેલા હોવાને લઈ આગામી દિવસોમાં યુવા મતદારોની નોંધણી માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવશે તેમ જિલ્લા કલેકટરશ્રી પી.સ્વરૂપે જણાવ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે ૨૦૧૧ની વસ્તી ગણતરીના પરિણામોને ધ્યાને રાખી મતદાર યાદી સુધારણાની વિશેષ ઝુંબેશ જુલાઈ માસ દરમિયાન હાથ ધરવામાં આવશે પણ આ પૂર્વે મે અને જુન દરમિયાન વ્યુહાત્મક મતદાર જાગૃતિ અને મતદારોની ભાગીદારીનું અભિયાન છેડવામાં આવનાર છે.

તેમણે આ આયોજનની વિગતો આપતાં જણાવ્યું હતું કે યુવાઓ અને મહિલા મતદારોની નવી નોંધણી પર વિશેષ ભાર મુકવામાં આવશે.

શ્રી સ્વરૂપે જણાવ્યું હતું કે કોલેજમાં પ્રવેશ ફોર્મની સાથે જ મતદાર યાદીમાં નામ નોંધાવવા માટેનું ફોર્મ આપવામાં આવશે. આ ઉપરાંત શહેરી વિસ્તારોમાં ખાસ કરીને મોટા મોલ અને શોપીંગ કોમ્પ્લેકસમાંથી પણ મતદાર નામ નોંધણીની જાગૃતિ અંગેના પ્લેમફલેટસ આપવાનું આયોજન છે.

તેમણે જણાવ્યું હતું કે મહિલા મતદારોની નોંધણી માટે મિશન મંગલમ અંતર્ગત નોંધાયેલ સખી મંડળોને પણ કાર્યરત કરવામાં આવનાર છે. આ માટે સખી મંડળના સભ્યોને ખાસ તાલિમ આપી મતદાર નોંધણીના ફોર્મ્સ આપવામાં આવશે.

ફેસ બુક પર વેબ એડ્રેસ પણ મુકવા માટેનું આયોજન વિચારાયું હોવાનું તેમણે જણાવ્યું હતું. મતદારોની જાગૃતિ માટે ખાસ હોર્ડિંગ્સ તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કૃષિ મહોત્સવના રથમાં એક પેનલ મુકવામાં પણ આવનાર છે.

જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે કલેકટર કચેરી તેમજ ત્રણ મામલતદાર કચેરીઓ ખાતેના જનસેવા કેન્દ્રો પર મતદાર સહાય કેન્દ્રો પણ ૧લી મે થી કાર્યરત થઈ

● અનુસંધાન પાન-૭ પર



ઉનાળામાં જેમ ગરમીની અકળામણ હોય છે એમ અવનવાં ફળો અને અવનવી ઔષધિઓ તથા ફૂલોની મજા પણ હોય છે. ગ્રીષ્મમાં ગરમીની સાથે કેરી, શેરડી અને ગરમાળો પણ મળે છે ! આમેય કુદરતનો આ ક્રમ છે. કુદરત માત્ર તકલીફ નથી આપતી, પણ તકલીફ સામે લડવાનો, તકલીફને પહોંચી વળવાનો રસ્તો પણ આપે છે. આપણે માત્ર એ રસ્તાને જાણીને એના ઉપર ચાલવાનું હોય છે. પ્રસ્તુત તસવીર આવા જ એક ઉનાળુ ફળ ફણસની છે. ઋતુ પ્રમાણે થતાં ફળો અને શાકભાજી મનુષ્યે આહારમાં લેવાં જોઈએ એવી વડીલોની શીખ છે અને ઘણા એ શીખને પાળીને ફણસનો ઉપયોગ ઉનાળા દરમ્યાન કરવાનું ચૂકતા નથી.

# રાજયમાં એન્જીનીયરીંગ અભ્યાસક્રમોમાં ૩૨૮૦ બેઠકોનો વધારો કરવામાં આવ્યો

## એઆઈસીટીએ આપી મંજુરી : મીકેનીકલમાં ૧૨૫૦ બેઠકોનો વધારો થયો

ગાંધીનગર, તા.૨૬

રાજયમાં એન્જીનીયરીંગમાં એઆઈસીટીએ વિવિધ અભ્યાસક્રમોમાં બેઠકોનો વધારો મંજુર કરતાં અંદાજે ૩૨૮૦ બેઠકોનો વધારો થવા પામ્યો છે.

રાજયમાં આવેલી એન્જીનીયરીંગ અભ્યાસક્રમોમાં એઆઈસીટીએ મીકેનીકલમાં ૧૨૫૦ બેઠકો, સિવીલમાં ૯૫૦ બેઠકો, ઓટોમાં ૩૦૦ બેઠકો અને ઈલેકટ્રોનીકસમાં ૭૮૦ એમ કુલ ૩૨૮૦ બેઠકોનો વધારો થવા પામ્યો છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ ૨૦૧૨માં લેવાયેલી ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૧૦મી મે ના રોજ જાહેર થવાનું છે અને ૧૧મી મે થી એન્જીનીયરીંગમં પ્રવેશ પ્રક્રીયા હાથ ધરવામાં આવનાર છે.

પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાય તે પહેલાં જ એઆઈસીટીએ એન્જીનીયરીંગમાં ૩૨૮૦ બેઠકોની મંજુરી આપતાં ગુજરાતના વિદ્યાર્થીઓને આ વખતે મનગમતી શાખામાં પ્રવેશ સહેલાઈથી મળશે અને ગુજરાત બહાર જવું નહીં પડે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજયમાં અંદાજે ૯૦ જેટલી એન્જીનીયરીંગ કોલેજો આવેલી છે. આ કોલેજોમાં મહત્વની એવી મીકેનીકલ, સિવીલ, ઓટો અને ઈલેકટ્રોનીકસ જેવી શાખાઓમાં ૩૨૮૦ જેટલી બેઠકોનો વધારો કરવામાં આવતા વિદ્યાર્થીઓને મોટો ફાયદો થવા પામ્યો છે.



રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વડનગર નજીક હિન્દુસ્તાનના સૌથી મોટા એગ્રો ઈન્ડસ્ટ્રીઝના ફૂડ પ્રોસેસીંગ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું અને જણાવ્યું હતું કે આ પ્રકારના ખાદ્ય પદાર્થોના કૃષિ ઉદ્યોગ ઉત્તર ગુજરાતના સૂકા વિસ્તારોની ખેતીની અને લાખો કિસાનોની જિંદગી બદલી નાખશે. આવી નવતર શરૂઆતથી જ ફૂડ પ્રોસેસીંગના વિશ્વ બજારમાં ઉત્તર ગુજરાત સિક્કો જમાવશે એવી આશા તેમણે વ્યક્ત કરી હતી.

# આ વર્ષે સામાન્ય ચોમાસાની આગાહી

## ભારતીય હવામાન વિભાગની દક્ષિણ-પશ્ચિમ મોનસૂન માટે આગાહી : લોંગ પિરિયડ એવરેજ વરસાદ હવે ૮૯ સેન્ટીમીટર રહેશે : જૂનમાં ફરી આગાહી

અમદાવાદ, તા. ૨૬

દેશભરમાં ખેડુતો માટે સારા સમાચાર છે. કારણ કે ભારતીય હવામાન વિભાગે (આઈએમડી) આજે દેશભરમાં સામાન્ય વરસાદ પડવાની આગાહી કરી હતી. ભારતીય હવામાન વિભાગે વર્ષ ૨૦૧૨ સંબંધી પ્રથમ વખત આગાહી કરી છે.

દક્ષિણ પશ્ચિમ મોનસુન (જુનથી સપ્ટેમ્બર)માટે હવામાનના માહિતી પર તમામ ખેડુતોની નજર હતી. જો કે હવામાન ખાતાએ કેટલીક ચેતવણી પણ જારી કરી છે. આગાહી મુજબ દેશભરમાં મોનસુન સામાન્ય (૯૬થી ૧૦૪ ટકા ) રહેશે. આની સરેરાશ વર્ષા ૪૭ ટકા રહેશે. એવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે કે મોનસુન કાલીન વરસાદ લાંબા ગાળાના સરેરાશ વરસાદ મુજબ ૯૯ ટકા રહેશે. સમગ્ર દેશના સંદર્ભમાં લોંગ પિરિયડ એવરેજ વરસાદ (એલપીએ) હવે ૮૯ સેન્ટીમિટર રહેશે. વર્ષ ૨૦૧૧માં ભારતમાં લોંગ પિરિયડ એવરેજ ૧૦૧ ટકા રહ્યો હતો. હવામાન વિભાગે જાહેરાત કરી હતી કે મોનસૂનની સ્થિતિ સામાન્ય રહી હતી. ભારતીય હવામાન વિભાગ જૂન ૨૦૧૨માં ફરીવાર આગાહી કરશે જેમાં જુલાઈ અને ઓગસ્ટ તથા જૂન તથા સપ્ટેમ્બરમાં થનાર વરસાદના આંકડા જારી કરવામાં આવશે.

હવામાન વિભાગની આગાહીની સાથે જ દેશભરમાં કરોડો ખેડૂતોમાં ખુશીનું મોજુ ફરી વળે તેવી સંભાવના છે કારણ કે મોટાભાગના ખેડૂતો આ વરસાદ ઉપર જ ખેતી માટે આધાર રાખે છે. ભારત કૃષિ આધારિત દેશ છે અને મોટાભાગના લોકો કૃષિ સાથે સંબંધિત છે આવી સ્થિતિમાં આગાહી ઉપર હંમેશા નજર રહે છે. સામાન્ય વરસાદની આગાહી નવા પ્રાણ ફૂંકી શકે છે.

અગાઉ હોળીના પવનો અને અખાત્રીજના પવનોના આધારે પણ આગાહી કરાઈ હતી કે આ વર્ષે સામાન્ય ચોમાસુ રહેશે. ગત વર્ષે ૯૪ ટકા વરસાદ પડ્યો હતો. આ વર્ષે ૮૫ થી ૯૦ ટકા વરસાદની આગાહી હવામાન શાસ્ત્રીઓ કરે છે.

ગુજરાતમાં દરિયાકાંઠાના વિસ્તારોમાં ૧૨૦ ટકા કરતાં વધારે વરસાદ થશે. જ્યારે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં સામાન્ય વરસાદ થશે.

# ઉમતા હત્યા પ્રકરણે આજે ચુકાદો જાહેર કરાશે

## રમખાણ દરમિયાન બેની ઘાતકી હત્યા થઈ હતી : સાત વર્ષ સુધી ટ્રાયલ ચાલ્યા બાદ ફાસ્ટ ટ્રેક કોર્ટ ૧૨૦ શખ્સો અંગે ચુકાદો જાહેર કરશે : મજબૂત સુરક્ષા વ્યવસ્થા

અમદાવાદ, ૨૬

ઊમતા ગામમાં બે મુસ્લિમોની ઘાતકી હત્યાના મામલામાં શુક્રવારના દિવસે ફાસ્ટ ટ્રેક કોર્ટ આવતીકાલે શુક્રવારે તેનો ચુકાદો જાહેર કરશે. આને લઈને જોરદાર ઉત્તેજના દેખાઈ રહી છે. બીજી બાજુ આ ચુકાદાને લઈને પહેલાથી જ સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી રહી છે. કોર્ટની આસપાસ સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. ગોધરા કાંડ બાદ ભડકેલી હિંસા દરમિયાન ઉત્તર ગુજરાતના ઊમતા ગામમાં બે મુસ્લિમોની હત્યા કરી દેવામાં આવી હતી. આ કેસમાં શુક્રવારના દિવસે ૧૨૦ લોકો સામે ચુકાદાની જાહેરાત કરવામાં આવશે. આ ગામ મહેસાણા જિલ્લાના વિસનગર શહેર નજીક આવેલું છે. રમખાણો દરમિયાન નિવૃત્ત શિક્ષક મોહમંદ શેખ અને અબ્દુલ મનસુરીની પહેલી માર્ચ ૨૦૦૨ના દિવસે ૧૫૦૦ જેટલા લોકોના ટોળાએ હત્યા કરી દીધી હતી. આ મામલામાં તપાસ દરમિયાન મૃતદેહ મળી શક્યા ન હાત પરંતુ લોહીના ડાઘા અને હાડકાઓ મળી આવ્યા હતા જેને ડીએનએ ટેસ્ટ માટે મોકલવામાં આવ્યા હતા. નિવૃત્ત ટિચરના અવશેષની ઓળખ થઈ હતી. ચકચારી હત્યા કેસમાં પોલીસે ઉંડી તપાસ કરતા ૧૨૦ લોકોની ધરપકડ કરી હતી અને ત્યારબાદ બે ચાર્જશીટ પણ દાખલ કરી હતી. બેની ઘાતકી હત્યાના મામલામાં વર્ષ ૨૦૦૫માં ટ્રાયલ ફાસ્ટ્રેક કોર્ટે ટ્રાયલ શરૂ કરી હતી અને કાર્યવાહી ૭ વર્ષ સુધી ચાલી હતી. આવતીકાલે આ કેસમાં જાહેર થનાર ચુકાદાને લઈને તમામની નજર કેન્દ્રીત થઈ ગઈ છે. કારણ કે આ કેસ પણ રમખાણ સાથે સંબંધિત છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧



આજે બીજી પુણ્યતિથિએ ભાવભીની અંજલિ

ગાંધીનગર સમાચાર પરિવાર